ગુજરાતી જાગરણ

https://www.gujaratijagran.com/business/piruz-khambatha-of-rasna-group-delivered-the-fifth-lecture-of-ediis-dr-vg-patel-memorial-lecture-series-190720

# EDII: રસના ગ્રુપના પિરુઝ ખંભાતાએ EDIIના ડૉ વીજી પટેલ મેમિરિયલ લેક્ચર સિરીઝનું પાંચમું વ્યાખ્યાન આપ્યું, ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું- એન્ટરપ્રેન્ચોરશિપે એક લાંબી મંજિલ કાપી

By: Nilesh Zinzuwadia | Wed 06 Sep 2023 06:44 PM (IST)



Entrepreneurship: જાણીતા ઉદ્યોગસાહસિક અને રસના બ્રાન્ડના વડા પીરુઝ ખંભાતાએ આજે એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા (EDII), અમદાવાદ દ્વારા આયોજિત વાર્ષિક ડૉ. વીજી પટેલ મેમોરિયલ લેક્ચર આપ્યું હતું. આ સિરિઝમાં પાંચમું વ્યાખ્યાન, EDII કેમ્પસ ખાતે યોજાયું હતું. આ વ્યાખ્યાનનો વિષય 'Entrepreneurship: A Nation Builder' હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે EDIIના સ્થાપક પદ્મશ્રી ડૉ. વીજી પટેલનું અવસાન 4 એપ્રિલ, 2019ના રોજ થયું હતું. ડૉ. પટેલે ઉદ્યમશીલતાના ક્ષેત્રમાં કહેલા મહાન કાર્યોની યાદમાં સંસ્થાએ 2019માં વાર્ષિક વ્યાખ્યાન શ્રેણી શરૂ કરી હતી. તેમને એન્ટરપ્રેન્યોરને એકજૂટ કરનારા 'એન્ટરપ્રેન્યોરશિપના પ્રણેતા' તરીકે ઓળખવામાં આવે છે.




ડૉ. વીજી પટેલે ભારત તથા વૈશ્વિક સ્તરે ઉદ્યોગસાહસિકતાનો પ્રચાર કરવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તેઓ સમગ્ર ભારતમાં તેમની વિશ્વસનીયતા સ્થાપિત કરવામાં સફળ થવા ઉપરાંત વર્ષ 1983માં નેશનલ રિસોર્સ ઇન્સ્ટિટ્યૂટ, EDIIની સ્થાપના પણ કરી હતી.

આ પ્રસંગે ડો. સુનિલ શુક્લાએ સ્વર્ગસ્થ ડો. વીજી પટેલને શ્રધ્ધાંજલિ અર્પણ કરીને ઉદ્યોગસાહસિકતાના કોન્સેપ્ટની રજૂઆત તથા પ્રોત્સાહન આપતાં રાષ્ટ્રના આર્થિક વિકાસમાં ડો. પટેલના અસાધારણ યોગદાનને યાદ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, "એન્ટરપ્રેન્યોરશિપે એક લાંબી મંજિલ કાપી છે.

જેમાં કારકિર્દીના વિકલ્પ તરીકે અપનાવવામાં મુંઝવણથી લઈ આજે એક મજબૂત વિકાસના સાધન તરીકે અપનાવવા સુધીની લાંબી મુસાફરી કરી છે. હું ડો. વીજી પટેલ દ્વારા માર્ગદર્શન મેળવીને આ ચળવળનો ભાગ બનીને ખુશ છું. આજે દેશ અર્થતંત્ર, રાષ્ટ્ર અને તેના લોકોને થતા ફાયદાને ધ્યાનમાં રાખીને ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગસાહસિકતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

શ્રોતાઓને સંબોધતા પીરુઝ ખંભાતાએ કહ્યું હતું કે "EDII દ્વારા યોજાવમામાં આવેલી ડો. વીજી પટેલ મેમોરિયલ લેક્ચર સિરિઝમાં પાંચમું વ્યાખ્યાન આપવાની તક બદલ ગર્વ અનુભવુ છું. ડો. પટેલ એક સુપ્રસિદ્ધ વ્યક્તિ અને સાચા સ્વપ્નદ્રષ્ટા હતા, જેમણે આપણા દેશનો ઉદ્યોગસાહસિકતાનો પરિચય કરાવવા ઉપરાંત આત્મનિર્ભરતાના મૂલ્યો પણ સ્થાપિત કર્યા છે.

તેમણે સ્ટાર્ટ અપ ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતના વિઝન લોકપ્રિય બન્યા તેની પહેલાં જ આ અંગે વાતો કરી હતી. હું ઈડીઆઈઆઈને તેની ભવિષ્યની તમામ પહેલ માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું. આ પ્રસંગે, ડો. વીજી પટેલ નેશનલ મેમોરિયલ એવોર્ડ ફોર એન્ટરપ્રેન્યોરશીપ ટ્રેનર/એજ્યુકેટર/મેન્ટર 2023ના વિજેતાની પણ જાહેરાત કરવામાં આવી હતી.